# રૂ.50 લાખની લૂંટમાં કુંદનના ફોઈના પુત્ર ચંદનનું નામ ખૂલ્યું



**ચંદને** જ લૂંટ માટે આવેલા આરોપીઓને આશ્રય આપ્યો હતો

**લુંટારાની** સંખ્યા ૧૧ પર પહોંચશે, એક હજી રડારમાં

સુરતઃ વરાછા વિસ્તારમાં ગત ૨૭ એપ્રિલે SBIની શાખામાંથી રૂ. ૫૦ લાખની સનસનાટીભરી લૂંટના મામલે ગુનાના મુખ્ય સૂત્રધાર કુંદનને ટ્રાન્સફર વોરંટના આધારે સુરત લાવીને હાથ ધરાયેલી આકરી પૂછપરછમાં અનેક ચોંકાવનારા વળાંકો સામે આવ્યા છે.

આ સમગ્ર હાઈપ્રોફાઈલ લૂંટ કેસમાં સ્થાનિક સ્તરે મદદ કરનાર અન્ય કોઈ નહીં પરંતુ કુંદનની સગી ફોઈનો પુત્ર ભાઈ ચંદન હોવાનો ચોંકાવનારો ખુલાસ થયો છે. આ સાથે જ લૂંટ ઓપરેશનને ફિલ્ડ પર લીડ કરનાર 'કેપ્ટન' એલેક્સ હોવાનો પણ પર્દાફાશ થયો છે. પોલીસ તપાસનો દાયરો વધતા હવે આ કેસમાં કુલ આરોપીઓની સંખ્યા ૧૧ પર પહોંચવાની સંભાવના છે.

પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અગાઉ આ લૂંટ કેસમાં સાત સાગરીતોની ધરપકડ બાદ આઠમું નામ મદદગાર વિકાસ સિંહનું ખુલ્યું હતું. ત્યારબાદ જેલમાંથી ઓપરેટ કરતા કુંદનની નવમા આરોપી તરીકે ધરપકડ કરાઈ હતી.

હવે, આ ગુનામાં ૧૦માં આરોપી તરીકે સુરતમાંથી તમામ લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડનાર ચંદન ઉર્ફે જેક ઉર્ફે દીપકનું નામ સપાટી પર આવ્યું છે. ચોંકાવનારી બાબત એ છે કે ચંદન એ કુંદનની સગી ફોઈનો દીકરો ભાઈ થાય છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, કુંદન, ચંદન અને એલેક્સ આ ત્રણેય જણા જેલમાંથી જ એકબીજાના સંપર્કમાં રહીને બેંક લૂંટની આખી સ્ક્રિપ્ટ તૈયાર કરી રહ્યા હતા.

### ખોટા નામોથી ગેંગ ચલાવતી હતી લુંટારૂ ટોળકી, મોટા ભાગના આરોપીઓ બિહારના

સુરતમાં થયેલી હાઈપ્રોફાઇલ લૂંટની તપાસ દરમિયાન પોલીસને એક મહત્વપૂર્ણ તથ્ય મળ્યું છે. પૂછપરછમાં સામે આવ્યું છે કે ગેંગના મોટાભાગના સભ્યો પોતાના સાચા નામ છુપાવીને ખોટા અથવા પેટ નામોથી કામ કરતા હતા. 'પ્રિન્સ', 'મુકેશ', 'એલેક્સ' અને 'ચંદન' જેવા નામો માત્ર ઓળખ છુપાવવા માટે ઉપયોગમાં લેવાતા હતા. તપાસમાં 'એલેક્સ'નું સાચું નામ અભિષેક હોવાનું જ્યારે 'મુકેશ'નું સાચું નામ મનદીપ કુમાર હોવાનું બહાર આવ્યું છે. 'ચંદન' તરીકે ઓળખાતો આરોપી દીપક ઉર્ફે વિકાસ સિંહ હોવાનું પણ પોલીસને જાણવા મળ્યું છે. તપાસ અધિકારીઓના જણાવ્યા મુજબ ગેંગના સભ્યો એકબીજા સાથે પણ ખોટા નામોથી જ પરિચિત હતા અને ઘણા આરોપીઓને પોતાના સાથીઓના સાચા નામની જાણ નહોતી. વધુમાં, ગેંગના મોટાભાગના સભ્યો બિહારના મુઝફ્ફરપુર અને આસપાસના વિસ્તારોના રહેવાસી હોવાનું પણ ખુલ્યું છે. આ ખુલાસાએ ગેંગની સુનિયોજિત ગુનાહિત કાર્યપદ્ધતિ પર પ્રકાશ પાડ્યો છે.

### શુભમના વધુ સાત દિવસના રિમાન્ડની માંગ, તપાસમાં નવા ખુલાસાની આશા

લૂંટકાંડની તપાસને વધુ ઊંડાણથી આગળ વધારવા માટે પોલીસે મુખ્ય આરોપી શુભમના વધુ સાત દિવસના રિમાન્ડની માંગણી કરી છે. કેસની તપાસ દરમિયાન અત્યાર સુધી અનેક મહત્વના તથ્યો સામે આવ્યા હોવાથી તપાસ એજન્સીઓને આશા છે કે વધારાની પૂછપરછમાં ગેંગના અન્ય સભ્યો, તેમના નેટવર્ક અને અગાઉના ગુનાઓ અંગે વધુ માહિતી મળી શકે છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ શુભમ એવો એકમાત્ર વ્યક્તિ હતો, જેણે શરૂઆતમાં પોતાનું સાચું નામ જાહેર કર્યું હતું, જ્યારે ગેંગના અન્ય સભ્યો ખોટી ઓળખનો ઉપયોગ કરતા હતા. તપાસ દરમિયાન મળેલા પુરાવા અને પૂછપરછના આધારે અધિકારીઓ હવે ગેંગના સમગ્ર માળખા અને તેની કાર્યપદ્ધતિને સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે. આગામી કોર્ટ કાર્યવાહી દરમિયાન રિમાન્ડ અંગેનો નિર્ણય થયા બાદ તપાસને વધુ ગતિ મળવાની સંભાવના છે.

### લૂંટમાં કેપ્ટન તરીકે એલેક્સે ભૂમિકા ભજવી

લૂંટના પ્લાનિંગમાં સામેલ હોવાની સાથે લૂંટના દિવસે બેંકની અંદર ફિલ્ડ પર પણ હાજર હતો. તે આખી લૂંટનો 'કેપ્ટન' બનીને લાઇન-દોરી સંભાળતો હતો અને ગેંગના તમામ સાગરીતો તેના ઇશારે જ ઓપરેશન પાર પાડતા હતા.

### ચંદને જ શૂટરોને સુરતમાં આશરો આપ્યો હોવાની આશંકા

પોલીસને પ્રબળ શંકા છે કે માસ્ટરમાઇન્ડ ચંદને જ લૂંટના ગુનાને અંજામ આપવા માટે બહારના રાજ્યોમાંથી આવેલા સાત પૈકીના કેટલાક સાગરીતોને સુરતમાં આશરો આપ્યો હતો અને સેફ હાઉસ તેમજ રહેવાની વ્યવસ્થા કરી આપી હતી. અગાઉ પકડાયેલા આરોપી શુભમે પણ કબૂલાત કરી હતી કે તેને માત્ર કામ માટે મોકલાયો હતો, પરંતુ પડદા પાછળ કોણ હતું તેની તેને ખબર નહોતી. હવે ચંદનનું નામ ખુલતા આખું લોકલ કનેક્શન સ્પષ્ટ થઈ ગયું છે.

**સ્ટેશનરી-યુનિફોર્મ બાદ મોંઘવારીનો વધુ એક ડામ**

# સ્કૂલ વાન-રિક્ષાના ભાડામાં જુલાઈથી રૂ.100થી 150નો વધારો

**જોકે** શહેરની ઘણી સ્કૂલમાં વાન-રિક્ષા ડ્રાઈવરોએ ભાવ વધારાનો નિર્ણય લીધો નથી

સુરતઃ સ્ટેશનરી અને યુનિફોર્મમાં 15 ટકા ભાવ વધારાના ઘા હજી તો તાજા છે ત્યાં સ્કૂલ વાન અને રિક્ષાના ભાડામાં પણ વધતા સીએનજીની સાથે રૂ.100થી 150 નો વધારો કરાયો છે.

CNGમાં ભાવમાં સતત વધારો થતાં સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા ભાડામાં પણ વધારો કરવામાં આવ્યો છે. અમદાવાદ અને વડોદરામાં તો ગઈકાલે જ ભાડા વધારાની જાહેરાત કરી દેવાઈ હતી. સુરતમાં આ મુદ્દે ચર્ચા કર્યા બાદ આજે સ્કૂલ વર્ધી એસોસિએશનની બેઠક મળી હતી. જેમાં રિક્ષાના અને સ્કૂલ વાનના ભાડામાં 100 રૂપિયા અને 150 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. વર્ષ 2024માં ભાડામાં વધારો કરાયો ત્યારે CNGનો ભાવ 76 રૂપિયા હતો. પરંતુ જે બાદ CNGના ભાવમાં સતત વધારો નોંધાયો છે. જ્યારે અત્યારે CNGના ભાવ 88 રૂપિયા પહોંચી ગયા છે. બીજી મહત્ત્વની બાબત એ છે કે શહેરની ઘણીખરી સ્કૂલમાં રિક્ષા અને વાન ડ્રાઈવરો કોઈ એસોસિએશન સાથે નથી. ભાવ વધારા બાબતે તેઓ પોતાની શાળાના એસો.ના નિર્ણય મુજબ વાલીઓને કહીને 50થી 100 રૂપિયાનો ભાવ વધારો કરતાં હોય છે.

# માથાના દુખાવાથી કંટાળી પુણાની કિશોરીએ આપઘાત

સુરતઃ પુણામાં માથાના અસહ્ય દુખાવાથી કંટાળીને કિશોરીએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની મુરારી ચૌબે હાલમાં પુણાગામમાં આવેલ સાંઈનગરમાં પરિવાર સાથે રહે છે અને રત્નકલાકાર તરીકે નોકરી કરે છે. તેમની 17 વર્ષીય પુત્રી સ્વાતિને છેલ્લા ત્રણેક મહિનાથી માથામાં દુખાવાની બીમારી હતી. જેની દવા પણ ચાલતી હતી. પરંતુ અસહ્ય દુખાવાથી કંટાળીને સ્વાતિએ મંગળવારે બપોરે ઘરમાં લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી શહેરના જુદા જુદા વિસ્તારોમાં આત્મહત્યાની ઘટના વધી રહી છે. લોકો જુદા જુદા કારણસર જીવન ટૂંકવી લેતા અચકાતા નથી.

# નિવૃત્ત ASI ગોવિંદ લુહાર સામે વધુ એક ફરિયાદ

**મુંબઈની** જમીનમાં રોકાણના નામે સગી બહેન સાથે ૧૦ લાખની છેતરપિંડી કરી

સુરતઃ ઉધના બમરોલી રોડ વિસ્તારમાં રહેતી એક આધેડ મહિલાને મુંબઈની જમીનમાં રોકાણ કરાવી મોટા નફા સાથે રકમ પરત આપવાની ગુલબાંગો હાંકી પોલીસ ખાતામાંથી નિવૃત થયેલા તેના જ સગાભાઈએ જ એક ઈસમ સાથે મળીને રૂ.૧૦ લાખ પડાવી લીધા હતા. ઉધના ૧૨૦ ફૂટ બમરોલી રોડ પર આવેલા વિષ્ણુ નગરમાં રહેતા ૫૪ વર્ષીય વંદનાબેન અનિલભાઈ ગોરાણી ઘરકામ કરી જીવન વિતાવે છે. ગત ઓગસ્ટ ૨૦૧૯ દરમિયાન વંદનાબેનના સગાભાઈ ગોવિંદ દત્તાત્રેય લુહાર (રહે. આશીર્વાદ વિલા, ભરથાણા, તળાવ પાસે, અલથાણ), જેઓ અગાઉ પોલીસ વિભાગમાં ફરજ બજાવી નિવૃત્ત થયા છે, ગોવિંદ લુહારે તેના સાગરીત પ્રમોદ માધવલાલ શાહ (રહે. શ્રીજી શાયોના એપાર્ટમેન્ટ, સાયન્સ સેન્ટર પાસે, સિટી લાઈટ રોડ) સાથે મળીને વંદનાબેનને મુંબઈ ખાતે આવેલી એક જમીનમાં રોકાણ કરવાની સ્કીમ બતાવી મોટો નફો મળશે અને સમયસર તમામ રકમ પરત મળી જશે, તેવી ખાતરી આપી હતી. પોલીસે વંદનાબેનની ફરિયાદના આધારે નિવૃત્ત પોલીસકર્મી ગોવિંદ દત્તાત્રેય લુહાર અને પ્રમોદ માધવલાલ શાહ વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

### ખાખીનો રોફ બતાવી બહેનને જ છેતરી!

પીડિત વંદનાબેને સગા ભાઈની ખાખી વરદીના ભૂતકાળ અને લોહીના સંબંધ પર આંધળો વિશ્વાસ મૂકીને ૧૯ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ બહેને રૂ.૧૦,૦૦,૦૦૦ રોકડા ચૂકવી દીધા હતા. વંદનાબેને જ્યારે કરાર મુજબ પોતાની રકમ પરત માંગી, ત્યારે આ ઠગબાજોએ મુદ્દલ કે નફો આપવાના બદલે ધક્કા ખવડાવવાનું શરૂ કર્યું હતું.

# રાણીતળાવની આગમાં 20 દિવસની બાળકી સહિત 11 ફસાયા

**ફાયર** બ્રિગેડે તમામને સહીસલામત બચાવી લીધા

**ગ્રાઉન્ડ** ફ્લોરની ખાનસાહબ ડિઝાઇનર નામની દુકાન ખાખ



તસવીરઃ સતિષ જાદવ

સુરતઃ સુરતના રાણી તળાવ ખાટકીવાડમાં આવેલી ત્રણ માળની હનીફા મંઝિલ નામની ઈમારતમાં આજે બપોરે અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. બપોરે અંદાજે 12:47 વાગ્યે બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી ખાન સાહબ ડિઝાઈનર નામની કાપડની દુકાનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. જોતજોતામાં આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા ઉપરના માળ સુધી પહોંચી જતાં ઉપર રહેતા પરિવારોના જીવ તાળવે ચોંટ્યા હતા. ઘટનાની ગંભીરતા જોઈને ફાયર બ્રિગેડના તાપીપુરા, નવસારી બજાર, કતારગામ, ઘાંચી શેરી અને માન દરવાજા ફાયર સ્ટેશનનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયરના જવાનોએ એક તરફ આગ બુઝાવવાની અને બીજી તરફ ઈમારતમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી હતી.

ફાયર બ્રિગેડના બહાદુર જવાનોએ પોતાની જીવની પરવા કર્યા વગર હિંમતભરી કામગીરી કરીને ઈમારતના ઉપરના ત્રણ માળમાંથી એક નવજાત બાળકી સહિત કુલ 11 લોકોને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરીને બચાવી લીધા હતા. બચાવી લેવાયેલા લોકોમાં 20 દિવસની માસૂમ બાળકી સારા ને જવાનોએ હેમખેમ બહાર કાઢી હતી.

# ઓછા માર્ક આવતા પિતાએ ઠપકો આપતાં સગીર અયોધ્યા પહોંચી ગયો

**ડિંડોલી** પોલીસે ૧૦૦થી વધુ CCTV ફૂટેજ ચેક કર્યા અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી સગીરનો શોધી કાઢ્યો

સુરતઃ ધોરણ-૧૦માં ઓછા માર્ક્સ આવવા બદલ પિતાના ઠપકાથી નારાજ થઈને ઘરેથી ભાગી ગયેલા સગીર બાળકને પોલીસે ઉત્તર પ્રદેશના અયોધ્યાથી સહી-સલામત શોધી કાઢ્યો છે.

ડિંડોલી વિસ્તારની એક સોસાયટીમાં રહેતા વાલીએ ગત તા. ૨૦/૦૫/૨૦૨૬ના રોજ સાંજના આશરે પાંચ વાગ્યે પોતાના સગીર પુત્રને ધોરણ-૧૦માં ઓછા માર્ક્સ આવ્યા હોવા બાબતે ઠપકો આપ્યો હતો. પિતાની વાતો મનમાં લાગી આવતા સગીર કોઈને કહ્યા વગર ઘરેથી ક્યાંક નીકળી ગયો હતો. તમામ સંબંધીઓ અને મિત્રોના ઘરે શોધખોળ કરવા છતાં પુત્ર ન મળતા આખરે ચિંતાતુર વાલીએ ડિંડોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. ડિંડોલી PI પી.એલ. વાઘેલા અને PSI એલ.એચ. મસાણી સહિતની સર્વેલન્સ સ્કોડની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી.પોલીસ ટીમે સગીરની શોધખોળ માટે સ્થાનિક વિસ્તાર સહિત ઉધના અને સુરત રેલવે સ્ટેશનના ૧૦૦થી વધુ સીસીટીવી (CCTV) કેમેરા ચેક કર્યા હતા. જેના આધારે સગીર ઉત્તર પ્રદેશના અયોધ્યા ખાતે હોવાનું જાણવા મળ્યું હતું. ડિંડોલી પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી સગીરને અયોધ્યાથી સહી-સલામત હસ્તગત કર્યો હતો અને સુરત લાવી તેના પરિવારને સોંપ્યો હતો.

### ૨૫ લાખના ચેક રિટર્ન કેસમાં જમીન દલાલને એક વર્ષની સજા

સુરતઃ નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ દોષિત ઠેરવી કોર્ટે આરોપી જમીન દલાલને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂ. ૨૫ લાખ વ્યાજ સાથે ચુકવવા હુકમ કર્યો હતો. જમીન દલાલ આરોપી શબ્બીર હુસૈન અમીન બેલીમએ ચોર્યાસીના સામરોદની ખેતીની જૂની શરતની જમીન વારસાઈ કરાવી ટાઈટલ ક્લિયર કરાવી જમીન લે વેચનો ધંધો કરતા ફરિયાદી પુનિત રાજેન્દ્ર ઉપાધ્યાયના નામે વેચાણ દસ્તાવેજ કરાવી આપવાનું નક્કી કરી ફરિયાદી પાસેથી રૂપીયા ૨૫ લાખ મેળવ્યા હતાં. અને તા. ૧૭-૪-૨૦૧૨નાં રોજ સાટાખત બનાવાયો હતો. ત્યારબાદ આરોપી તથા જમીન માલીકો અને ફરીયાદી વચ્ચે સાટાખત બાબતે તકરાર ઉપસ્થિત થતા ફરીયાદીએ આરોપી પાસે રૂ.૨૫,૦૦,૦૦૦ની રકમ પરત માંગતા આરોપીએ નોટરાઈઝડ સમજૂતી કરાર લખી આપ્યો હતો. આ અંગે ત્રણ ચેકો આરોપીએ ફરિયાદીને આપ્યાં હતાં. આ ચેકો રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ ચંદ્રેશ પિપળીયા તથા પાર્થ લખાણી મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે આરોપી શબ્બીર હુસૈન અમીન બેલીમને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ફરિયાદીને ચુકવવા હુકમ કર્યો હતો.

### લિંબાયતમાં લગ્નના એક જ મહિનામાં યુવકનો આપઘાત

સુરતઃ લિંબાયતમાં લગ્નના એક મહિનામાં જ યુપીવાસી યુવકે આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ લિંબાયતની સાંઇનગર સોસાયટીમાં રહેતા દીપકભાઈ મોર્યા (28 વર્ષ) એમ્બ્રોઇડરીના ખાતામાં કામ કરતાં હતાં. એક મહિના પહેલા જ તેમણે વતનમાં લગ્ન કર્યા હતા અને ગત 30મી એ તે લગ્ન કર્યા બાદ તેઓ સુરત આવી ગયા હતાં. સોમવારે રાત્રે તેમણે ઘરે ફાંસો ખાઇ લીધો હતો. આપઘાતનું કારણ જાણવા નહીં મળ્યું હોવાનું લિંબાયત પોલીસે જણાવ્યું હતું.

# સાડીના સામાનને 'ગોડાઉન' ગણાવી વેરો ઠોકી દેવાનું કહી લાંચ માંગી

**વરાછા** ઝોન ઓફિસની બાજુમાં ફૂટપાથ પરથી રૂ. ૩,૫૦૦ની લાંચ લેતા મનપાનો ક્લાર્ક રાકેશકુમાર શ્રીમાળી રંગેહાથ દબોચાયો; મકાનનો રેસિડેન્ટ વેરો ચાલુ રાખવા માંગી હતી લાંચ



સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોનના આકારણી વિભાગમાં ભ્રષ્ટાચારનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રહેણાંક મકાનમાં મુકેલા સાડીના સામાનને 'ગોડાઉન' ગણાવી મોટી રકમનો વેરો લાવી દેવાની ધમકી આપી એક જાગૃત નાગરિક પાસે લાંચ માંગવી ક્લાર્કને ભારે પડી ગઈ છે. એન્ટી કરપ્શન બ્યુરો (ACB) ની ટીમે આજે ગોઠવેલા લાંચના છટકામાં વરાછા ઝોન ઓફિસની બાજુમાં આવેલી ફૂટપાથ પરથી આકારણી વિભાગના વર્ગ-૩ના ક્લાર્ક રાકેશકુમાર ચંદુભાઈ શ્રીમાળીને રૂ. ૩,૫૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડી જેલભેગો કર્યો છે. લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB) પાસેથી મળતી વિગતો મુજબ આ કેસના ફરિયાદીના મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી રૂમમાં સાડીઓનો સામાન મુકેલો હતો. વરાછા ઝોનના આકારણી વિભાગના ક્લાર્ક રાકેશકુમારે આ રૂમને ગોડાઉન તરીકે બતાવી દીધું હતું અને આક્ષેપ કર્યો હતો કે મકાન પર વાર્ષિક રૂ. ૧૨,૦૦૦/- જેટલો કોમર્શિયલ વેરો આવશે. જો મકાનનો વેરો રેસિડેન્ટ (રહેણાંક) તરીકે જ ચાલુ રાખવો હોય તો પતાવટ પેટે વહીવટના રૂ. ૩,૫૦૦/- લાંચની માંગણી કરી હતી.ફરિયાદી આ લાંચિયા કર્મચારીને રૂપિયા આપવા માંગતા ન હોવાથી તેમણે તાત્કાલિક સુરત શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી સમગ્ર મામલાની ફરિયાદ નોંધાવી હતી.

### વાતચીતની કડી મળી અને ક્લાર્ક ફસાયો

આયોજન મુજબ, ફરિયાદી લાંચની રકમ આપવા પહોંચ્યા ત્યારે ક્લાર્ક રાકેશકુમાર શ્રીમાળીએ (ઉં.વ. ૩૫) ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચના રૂ. ૩,૫૦૦/- સ્વીકાર્યા હતા. નાણાં સ્વીકારતાની સાથે જ આજુબાજુ ગોઠવાયેલી એ.સી.બી.ની ટીમે ત્રાટકીને આરોપીને લાંચની રકમ સાથે રંગેહાથ દબોચી લીધો હતો અને લાંચના પૂરેપૂરા રૂપિયા રિકવર કર્યા હતા.

### સમોસાની દુકાન સામે જ ફૂટપાથ પર ગોઠવાયું છટકું

એ.સી.બી.ની ટીમે આજે વરાછા ઝોન ઓફિસની બાજુમાં, હરદેવ સમોસા તેમજ ગોએલ સેલ્સ પોઇન્ટ નામની મોબાઈલની દુકાન સામે ફૂટપાથ પર લાંચના છટકાનું આયોજન કર્યું હતું.

# સુધરે એ બીજા : છેલ્લાં પાંચ વર્ષમાં મનપાના 28 કર્મી લાંચમાં પકડાયા

**ત્રણ** કર્મચારી તો બે-બે વખત લાંચ લેતા પકડાયા છે

**ગેરકાયદે** બાંધકામ અને આકારણી વિભાગ સૌથી વધુ ચર્ચામાં

સુરત : છેલ્લા પાંચ વર્ષ દરમિયાન મનપાના 28 અધિકારી અને કર્મચારીઓ લાંચ લેતા રંગેહાથ ઝડપાયા છે, જ્યારે એક નિવૃત્ત અધિકારી સામે અપ્રમાણસર સંપત્તિનો ગુનો પણ નોંધાયો છે. છતાં ભ્રષ્ટાચારનું દૂષણ યથાવત્ રહેતાં તંત્રની કાર્યપદ્ધતિ સામે સવાલો ઊભા થયા છે.

મનપામાં સૌથી વધુ ભ્રષ્ટાચારના કિસ્સાઓ ગેરકાયદે બાંધકામ, ટાઉન પ્લાનિંગ, આકારણી અને વસૂલાત વિભાગો સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત કોન્ટ્રાક્ટરોના બિલ પાસ કરવા, મંજૂરીઓ આપવા અને વિવિધ વહીવટી પ્રક્રિયાઓમાં કમિશન પ્રથાના આક્ષેપો પણ વારંવાર સામે આવ્યા છે. ચિંતાજનક બાબત એ છે કે એસીબીના દરોડામાં ઝડપાયેલા 28 અધિકારી-કર્મચારીઓ પૈકી હજુ સુધી કોઈને દાખલારૂપ સજા થઈ નથી. લાંબી કાયદાકીય પ્રક્રિયા અને વિલંબના કારણે મોટાભાગના આરોપીઓ જામીન પર મુક્ત થઈ જાય છે. પરિણામે ભ્રષ્ટાચાર સામેનો ભય ઘટતો જઈ રહ્યો છે. લાંચ લેતા અધિકારીઓ ઝડપાય છે, થોડા દિવસ ચર્ચા થાય છે અને પછી સમગ્ર મામલો ઠંડો પડી જતો હોવાનું નાગરિકોમાં માનવામાં આવે છે.

### લાંચ લેતાં ઝડપાયેલા મનપાના અધિકારી-કર્મચારીઓ

**1.** નિલેશ રીપુ પટેલ - આસિસ્ટન્ટ ઇજનેર (ઇલેક્ટ્રિકલ), કતારગામ, **2.** નિલેશ રામાવત - ડેપ્યુટી ઇજનેર (ઇલેક્ટ્રિકલ), હાઇડ્રોલિક, **3.** માનસિંગ ચૌધરી - કાર્યપાલક ઇજનેર (ઇલેક્ટ્રિકલ), **4.** પ્રમોદ જરીવાલા - આકારણી અને વસૂલાત અધિકારી **5.** ભાગ્યેશ ધીવાલા - ત્રીજી શ્રેણી ક્લાર્ક, **6.** ભીખુ લલ્લુ પટેલ - ટેકનિકલ આસિસ્ટન્ટ, હાઇડ્રોલિક, **7.** અશ્વિન ટેલર - ડેપ્યુટી ટાઉન પ્લાનર, **8.** રાજેશ પરાગ પટેલ - આસિસ્ટન્ટ ઇજનેર (સિવિલ), **9.** જીજ્ઞેશ નટવર મોદી - આસિસ્ટન્ટ ઇજનેર **10.** ધીરેન સોલંકી - મદદનીશ આરોગ્ય નિરીક્ષક, **11.** લાલજી જોગડિયા - સફાઈ કામદાર, **12.** દીપક મકવાણા - તાલીમાર્થી સફાઈ કામદાર, **13.** અમૃત પરમાર - ત્રીજી શ્રેણી ક્લાર્ક, **14.** દીપક ગઢીયા - જુનિયર મેડિકલ ઓફિસર, **15.** બેચર સોલંકી - ફાયર ઓફિસર, 16. દિલીપ દવે - ત્રીજી શ્રેણી ક્લાર્ક, **17.** મનોજ ચોકસી - આરોગ્ય નિરીક્ષક, **18.** ઈશ્વર સુખા પટેલ - બેલદાર, **19.** નિલેશ ગામીત - ત્રીજી શ્રેણી ક્લાર્ક **20.** કેયુર પટેલ - જુનિયર ઇજનેર, વરાછા ઝોન, **21.** નિમેશ ગાંધી - પટાવાળા, **22.** પરેશ સુમન પટેલ - જુનિયર ઇજનેર, **23.** ડેનીશ બારડોલિયા - મેન્ટેનન્સ આસિસ્ટન્ટ **24.** તેજસ આરીવાલા - ચીફ એકાઉન્ટન્ટ, **25.** લાલુ પટેલ - પટાવાળા, **26.** ઈશ્વર પટેલ - ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર, **27.** વિપુલ ગણેશવાલા - કાર્યપાલક ઇજનેર, **28.** જીજ્ઞેશ મોદી - આસિસ્ટન્ટ ઇજનેર


